# GREENLAWNS HIGH SCHOOL

**For the Preliminary Examination Year 2025** | **Sub: Gujarati 2 Lang**

**Class: X** | **Time: 3 Hours**

**Full Marks: 80**

## SECTION A

*(Attempt **all** questions from this **Section**)*

**Question 1**

**Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.**

**પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૫0 શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)**

1. પરોપકાર ની ભાવના લોક કલ્યાણ થી પૂર્ણ થાય છે આપણે પણ પરોપકાર થી ભરેલું જીવન જીવવું જોઈએ એ વિષય ને સ્પષ્ટ કરતા તમારા વિચારો લખો.
2. દેશ ના સાચા સંત્રી સૈનિક અને ખેડૂતો છે
3. વિશ્વ મનોવિજ્ઞાન: યુવા પેઢી માટે પડકારો
4. પ્રદૂષણ એ માનવ ના જીવન ને અનેક રૂપો થી પ્રભાવિત કર્યા છે. પ્રદૂષણ ના કારણો, તેના પરિણામો અને તેને નિયંત્રણ કરવા શું કરશું?
5. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઊઠતા ભવોને વાચા આપતો નિબંધ લખો.



**Question 2**

**Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.**

**પ્રશ્ન 2. નીચે આપેલા કોઇ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)**

1. તમે તમારા વિદ્યાલય ના વાર્ષિક ઉત્સવ ના નાટક માં ભાગ લીધો તો તેનો આનંદ વ્યક્ત કરતા તમારા કાકા ને પત્ર લખો.

2. તમે તમારા દાદા દાદી ને મળવા એમના ઘરે બહાર ગ્રામ જતા હતા. બસ ની મુસાફરી કરી તમે ઉતર્યા ત્યારે તમે જાણ્યું કે તમારો સામાન ચોરાઈ ગયો છે તો એ વિશે પોલીસ ને ફરિયાદ કરતો પત્ર લખો.

**Question 3**

**Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.**

**નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)**

એક નાનકડા ગામમાં કિશન નામનો યુવાન રહેતો હતો. કિશન ખૂબ જ મહેનતુ હતો અને તેનો મકસદ જીવનમાં મોટું સફળ થવાનું હતું. તે પોતાના પરિવારને આર્થિક તકલીફોથી મુક્ત કરાવવા માટે સતત પરિશ્રમ કરતો. ક્યારેક તે ખેતીમાં પોતાનું દબદબું સ્થાપિત કરવાનો પ્રયત્ન કરતો, તો ક્યારેક નાના મોટા ધંધા શરૂ કરતો. એ જોવાની આદત કિશનમાં હતી કે જ્યારે પણ એક કાર્યમાં અસફળ થતો, તે તરત જ બીજું કાર્ય શરૂ કરી દેતો. તેની મહેનત છતાં તેના જીવનમાં કોઇ ફેરફાર ન આવતો. આથી તે નિરાશ થઈ ગયો.

એક દિવસ તેના મિત્રને કિશનની હાલત માટે દયા આવી. તેણે કિશનને કહ્યું, "તારા જીવનમાં બદલાવ લાવવાનો એકમાત્ર માર્ગ એ છે કે તું કોઈ જ્ઞાનીના માર્ગદર્શન હેઠળ ચાલ." કિશન આ સલાહથી પ્રભાવિત થયો. તે નજીકના અરણ્યમાં વસતા વિખ્યાત ગુરુજી પાસેથી મદદ લેવા ગયો. ગુરુજી ઘણા વર્ષોથી લોકજીવનનું માર્ગદર્શન આપતા હતા અને સંયમ, શ્રદ્ધા અને દિશા વિશે શિક્ષણ આપતા હતા.

કિશન ગુરુજીના આશ્રમમાં પહોંચ્યો અને કહ્યું, "ગુરુજી, હું મહેનત ખૂબ કરું છું, પરંતુ કોઈ ફળ મળતું નથી. મને સમજમાં આવતું નથી કે મારી ભૂલ કઈ છે." ગુરુજીએ ધીમા અવાજમાં કિશનને પૂછ્યું, "તારું લક્ષ્ય શું છે?" કિશન ચિંતિત થઈને બોલ્યો, "મારે સફળ થવું છે, પણ કઈ રીતે અને કયા ક્ષેત્રમાં તે મને ખબર નથી." ગુરુજીએ હળવાશથી હસતાં કહ્યું, "તે જ તારી સૌથી મોટી ત્રુટી છે. જ્યાં સુધી તારે સ્પષ્ટ લક્ષ્ય ન હોય, ત્યાં સુધી તું ખાલી દોડતો રહેશે, અને તારી મહેનત બરબાદ થઈ જશે."

ગુરુજીએ કિશનને એક સચોટ કથા સંભળાવી. "એક હરણ પાણીની શોધમાં જંગલમાં ફરતું હતું. તે એક જગ્યાથી બીજી જગ્યાએ દોડતું રહ્યું. તે કદી પણ સ્થિર થતું ન હતું અને અંતે તે ઠાકોર થાકી ગયું. જો તે થોડું ઊંડાણથી વિચાર્યું હોત અને આદરશ રીતે કામ કર્યું હોત, તો તેને નજીકના ઝરણામાં પાણી મળી ગયુ હોત." કિશનને આ વાતથી એ સમજાયું કે પોતાની દિશા નક્કી કર્યા વિના મહેનત કરવી વ્યર્થ છે.

ગુરુજીએ તેને સમજાવ્યું કે લક્ષ્ય નક્કી કરવી સૌથી મહત્વની બાબત છે. "જ્યારે તું તારા લક્ષ્યને નિશ્ચિત કરી લે છે, ત્યારે તારા પ્રયત્નો તે દિશામાં જ જાય છે. અવ્યસ્થિત મહેનત નહીં, પણ આયોજનબદ્ધ પ્રયત્નો તારું જીવન બદલી શકે છે," ગુરુજીએ ઉમેર્યું. આ શબ્દો કિશનના હૃદયમાં ઊંડા પ્રભાવિત થયા. તે અચાનક પ્રેરિત થયો અને નક્કી કર્યું કે તે જીવનમાં કશુંક સિદ્ધ કરવા માટે યોગ્ય દિશામાં પ્રયત્ન કરશે.

કિશનને પછીથી આ સમજાયું કે તેની માટે શ્રેષ્ઠ કાર્ય છે ખેતી. તેણે ખેતીનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે પગલાં ભર્યા. એ ખેડૂતો સાથે મળીને ચર્ચા કરતો, નવાં ટેકનિક શીખતો અને પાયાની પદ્ધતિઓ પર ધ્યાન આપતો. તેની મહેનત ચમકી. શરૂઆતમાં અવરોધો આવ્યા, પરંતુ તે હંમેશા ગુરુજીના શબ્દો યાદ કરતો કે "સ્થિર મન અને ચોક્કસ દિશા જીતનો પાયો છે." થોડી જ વારમાં તે આખા ગામમાં સફળ ખેડૂત તરીકે ઓળખાવા લાગ્યો.

આસપાસના લોકો તેના પર અભિમાન કરતા હતા. કિશન હવે એક પ્રેરણાસ્રોત બન્યો હતો. તેણે અન્ય યુવાનોને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું કે મહેનત બરાબર દિશામાં અને યોગ્ય આયોજન સાથે કરવી જોઈએ. તે હંમેશા લોકોને શીખવતો કે સફળતાનું રહસ્ય માત્ર મહેનત નથી, પરંતુ તે મહેનતની દિશા અને કાળજીને કેવી રીતે લાગુ કરવામાં આવે છે તે છે.

પ્રશ્ન 1. કિશન ગુરુજીને શા માટે મળવા ગયો હતો? (2)

પ્રશ્ન 2. ગુરુજીએ કિશનને શું શીખવ્યું? (2)

પ્રશ્ન 3. હરણની કથા કઈ શીખ આપે છે? (2)

પ્રશ્ન 4. કિશનનું જીવન કેવી રીતે બદલાયું? (2)

પ્રશ્ન 5. આ વાર્તામાંથી આપણી શું શીખ મળે છે? (2)

**Question 4**
**Answer the following according to the instructions given.**

**પ્રશ્ન 4. નીચે આપેલા પ્રશ્નનોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.**

1. નીચે આપેલા શબ્દોમાંથી સાચી જોડણી વાળું શબ્દ પસંદ કરો. (1)

ક. પ્રતિક્રિયા ખ. પ્રતિકરિયા ગ. પ્રતીક્રિયા ઘ. પ્રતીકરિયા

2. દ્રવ્યવાચક નામનો ગુચ્છો પસંદ કરો: (1)

ક. પાણી, તેલ, મીઠું, લોખંડ ગ. મકાન, બગીચો, રણ, રસ્તો

ખ. નદી, પર્વત, ઝાડ, પક્ષી ઘ. લોકો, કુટુંબ, ગરબા, મેળો

3. નીચે લીટી દોરેલા શબ્દનું લિંગ (જાતિ) બદલીને વાક્ય ફરી લખો: (1)

પિતા એ બાળકોને યોગ્ય માર્ગદર્શન આપ્યું.

ક. માતા ખ. માતાજી ગ. માતુશ્રી ઘ. માતૃ

4. દિવસ નો દ્વિ અર્થ પસંદ કરો. (1)

ક. રાત, દિવસ ગ. દિવસ, સમય

ખ. દિવસ, તહેવાર ઘ. સમય, કાળ

5. વર્તમાન કાળ નું વાક્ય પસંદ કરો: (1)

ક. રાજું દરરોજ શાળાએ જાય છે. ગ. રાજુ શાળાએ જતો હતો.

ખ. રાજુ શાળાએ જવાનું શરૂ કર્યું હતું. ઘ. રાજુ શાળાએ જતો રહેશે.

6. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો : જે ગામમાં રહે છે તે (1)

ક. ગ્રામવાસી ખ. શહેરવાસી ગ. દેશવાસી ઘ. પરદેશી

7. નીચે આપેલા વાક્ય માં લીટી દોરેલા શબ્દ નો વિરોધી શબ્દ લખો. (1)

નવી પેઢી માટે જીવન સ્વચ્છ હોવું અત્યંત મહત્વનું છે.

ક. ગંદું ખ. ઉગ્ર ગ. કઠણ ઘ. અશુદ્ધ

8. નીચે આપેલા વાક્ય માં કયું રૂઢિપ્રયોગ યોગ્ય છે તે લખો. (1)

હરિ જ્યારે પરિક્ષામાં ફેલ થયો ત્યારે તેની માતા પાસે વાત કરવા માટે જીભ નહોતી હલતી.

ક. જીભ નીકળવી ગ. જીભ હલતી નહિ

ખ. જીભ બંધ થવી ઘ. જીભ ન કાપવી

## SECTION B

*(Attempt **four** questions from this **Section**)*

**સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તા)**

**SAHITYA GURJARI (SHORT STORIES)**

**Question 5**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

**પ્રશ્ન 5. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.**

"ડોશી! લ્યો, ભૂરીને દોરી આપો એટલે ટાઢે ટાઢે આલોકો જતા રહે. અને લેતા વાળાને પણ ઉતાવળ હોય એમ તે ભાઈ બોલ્યા:

1. સૂરજ ડોશી ભૂરીને પોતાનો પ્રેમ કેવી રીતે દેખાડતા હતા? ભૂરી તેને શું સમજાવતી? (2)

2. ડોશીને કોણ શું સમજાવતા હતાં? (2)

3. ગામ ના ગોંદરે ભૂરી એ કેવો ઉધમાત કરી મૂક્યો? (3)

4. 'અંજળપાણી' આ શિર્ષક ની સાર્થકતા પાઠના આધારે સમજાવો? (3)

(અંજળપાણી પીતામ્બર પટેલ)

(Annjalpani – Pitambar Patel)

**Question 6**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

**પ્રશ્ન 6. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.**

"જુઓ તો ખરા, હજી કબૂલ કરતો નથી ! નાહકનો હેરાન થશે. હવે તો ગરીબ માણસો પણ લુચ્ચા થઈ ગયા છે."

(માજીનો પ્યાલો - ગુલાબદાસ બ્રોકર)

(Majino Pyalo - Gulabdas Brokar)

1. લેખકનો યુગ લખી તેમની વિશેષતા લખો. (2)

2. ઉપરનું વાક્ય કોણ બોલે છે? કોના માટે બોલે છે ? કયારે બોલે છે? (2)

3. માજી અને મણિલાલના વર્તનથી બાળકો શું શીખે છે? ઉદાહરણ આપી સમજાવો. (3)

4. ચાંદીનો પ્યાલો કયાંથી મળ્યો? તે મળ્યા પછી પણ માજી નોકર અને મહેતાજીને તેના વિશે કહેવાની કેમ ના પડે છે? સમજાવો. (3)

**Question 7**

**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

**પ્રશ્ન 7. નીચે આપેલી કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્ન ના જવાબ ગુજરાતીમાં લખો.**

'આવતી કાલની ફીસ્ટમાં લાડુનું જમણ' આ વાંચતાં જ દેવશંકર માસ્તર થંભી ગયા.

(લાડુનું જમણ' - પન્નાલાલ પટેલ)
(Ladunu Jaman - Pannalal Patel)

1. ઉપરનું લખાણ ક્યાં લખ્યું હતું? તે વાંચી દેવશંકરના પગ કેમ થંભી ગયા? (2)

2. દેવશંકર માસ્તરે ગોરપદુ શા માટે સ્વીકાર્યું હતું? (2)

3. દેવશંકરના લાડુ પ્રેમનું વર્ણન કરો. (3)

4. દેવશંકરે લાડુ ન ખાવાનું જળ કેમ લીધું? સમજાવો (3)

**સાહિત્ય ગર્જરી (કવિતા)**
**SAHITYA GURJARI (POEM)**

**Question 8**
**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

**પ્રશ્ન 8. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.**

પોત અણબોલ:

કાળું પાટિયું જ બોલી રહ્યું

શ્વેત સ્વચ્છ ચાકે લખ્યું

"લીલાધર, ઈશ્વરની લીલાને હસાય, ભાઈ લીલાધર?"

1. એ નિશાળ એ સવાર કવિનો ટૂંકમાં પરિચય આપો? (2)

2. કાવ્યમાં આલેખયેલા વિધાર્થીનું વર્ણન કરો? (2)

3. વિધાર્થીઓ શા માટે થર થર ધ્રૂજે છે? (3)

4. ઉપર આપેલી પંક્તિ તમારા શબ્દોમાં સમજાવો? (3)

(એ નિશાળ ...... એ સવાર...! સુંદરજી બેટાઇ)

(Ae nishaal.... Ae Savaar...! Sunderji Betaai)

**Question 9**
**Read the extract given below and answer in Gujarati the questions that follow.**

**પ્રશ્ન 9. નીચેની કંડિકા વાંચી તે ની નીચે આપેલા પ્રશ્નનોના જવાબ ગુજરાતીમાં લખો.**

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે; વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

(વૈષ્ણવજન' – નરસિંહ મહેતા)

(Vaishnavajan - Narsingh Mehta)

1. કવિનો યુગ કહી કાવ્યનો પ્રકાર લખો. (2)
2. 'વાચ-કાછ-મન નિશ્ચલ રાખે'નો અર્થ સમજાવો. કવિને કયું બિરુદ મળ્યું છે? (2)
3. વૈષ્ણવજનની જનની કેમ ધન્યતા અનુભવે છે? (3)
4. 'સકળ તીરથ' વૈષ્ણવજનના તનમાં છે તે દ્વારા કવિ શું સમજાવે છે? (3)

**Question 10**
**સાહિત્ય ગર્જરી (સુભાષિત)**
**SAHITYA GURJARI (SUBHASHIT)**

વિપત પડે ના વલખીયે, વલખે વિપત ન જાય,

વિપત ઉધમ કીજીએ, ઉધમ વિપતને ખાય.

1. આપણને સુભાષિત દ્વારા કયો અમૂલ્ય ફાળો મળે છે? (2)

2. અજ્ઞાની ની સરખામણી કોની સાથે કરી છે? તેમાં શાપિત કોણ છે? શાપિત શા કારણે ગણાય? (2)

3. મનુષ્ય જીવનમાં અવસરનું શું મહત્વ છે? આ શુભાષિત દ્વાર શું શીખ મળે છે? (3)

4. ઉપર આપેલા શુભાષિત માં શેનો મહિમા સમજાવ્યો છે? તમારો કોઈ અનુભવ વર્ણવો? (3)